# વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે આંબલીની સીમના બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન ઉપર બંધાયેલ ‘‘સત્યમેવ ઈલાઈટ’’ ના નામે ઓળખાતી સ્કીમના ............ ફલોરના યુનિટ નંબર-........... ની આશરે ........... ચોરસફુટ (કારપેટ એરીયા) યાને કે ......... ચોરસફુટ (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા......................./- અંકે રૂપિયા ..................................પુરાનો.

| | | |
|---|---|---|
| એકતરફવાળા<br>વેચાણ આપનાર | : | ''સત્યમેવ ઈલાઈટ''<br>**(PAN : ADDFS 5954 M)**<br>એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર :-<br>લલિતભાઈ બાબુભાઈ પટેલ<br>પુખ્ત ઉંમરના, ધંધો વેપાર, ધર્મે હિન્દુ,<br>રહેવાસી : જમનાદાસ હાઉસ, આંબલી-બોપલ રોડ, આંબલી, અમદાવાદના.<br>જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો એકતરફવાળા અગર વેચાણ આપનાર એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં અમો એકતરફવાળા વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, હોદ્દેદારો, સભ્યો વિગેરે તમામનો સમાવેશ થાય છે. |
| બીજીતરફવાળા<br>વેચાણ લેનાર | : | ............................................<br>**(PAN : )**<br>પુખ્ત ઉંમરના, ધર્મે હિન્દુ,<br>રહેવાસી : ................................<br>............................................<br>જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો બીજીતરફવાળા અગર વેચાણ લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં તમો બીજીતરફવાળા વેચાણ લેનાર તથા તમારા વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે. |

// જત //

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે આંબલીની સીમના બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન ઉપર બંધાયેલ ‘‘સત્યમેવ ઈલાઈટ’’ ના નામે ઓળખાતી સ્કીમના ............ ફલોરના યુનિટ નંબર-........... ની આશરે ........... ચોરસફુટ (કારપેટ એરીયા) યાને કે ......... ચોરસફુટ (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત અમો એકતરફવાળાની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની બોજારહિત મિલકત છે આ મિલકત રેવન્યુ રેકર્ડમાં અમો એકતરફવાળાના સ્વતંત્ર નામે માલિકી અને કબજા હકકે ચાલે છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ‘‘સદરહુ મિલકત’’ એ રીતે સંબોધવામાં આવેલ છે.

## બ્લોક નંબર-૩૯૭ ની જમીનની હિસ્ટ્રી

સર્વે નંબર-૧૯૬/૨ ની જમીનનાં માલિક અને કબજેદાર તરીકે સૌપ્રથમ સને ૧૯૩૯ ના અરસામાં જોઈતારામ જેસંગદાસનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતું હતું.

ત્યારબાદ જોઈતારામ જેસંગદાસે સર્વે નંબર-૧૯૬/૨ ની જમીન કાંતિલાલ શામળદાસને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મહે. અમદાવાદના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તારીખ ૦૪-૦૫-૧૯૩૯ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની

નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૪૮૧ થી તારીખ ૦૧-૦૯-૧૯૩૯ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ કાંતિલાલ શામળદાસે સર્વે નંબર-૧૯૬/૨ ની જમીન ભોળીદાસ છગનદાસને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મહે. અમદાવાદના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તારીખ ૨૦-૧૨-૧૯૪૫ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૬૧૫ થી તારીખ ૨૮-૦૨-૧૯૪૬ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ભોળીદાસ છગનદાસનું બિનવસિયતે અવસાન થવાથી તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે ધુળીબેન તે ભોળીદાસ છગનદાસની વિધવા ઔરત, પ્રહલાદભાઇ ભોળીદાસ, અમૃતભાઇ ભોળીદાસ, બળદેવભાઇ ભોળીદાસ તથા રામાભાઇ ભોળીદાસના સંયુક્ત નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૨૧૯ થી પડેલ છે.

ત્યારબાદ ગામ મોજે આંબલીની સીમમાં એકત્રીકરણની યોજના અમલમાં આવવાથી ખાતાની ફેરબદલીના આધારે સર્વે નંબર-૧૯૬/૧ તથા ૧૯૬/૨ ની જમીનને બ્લોક નંબર-૩૯૭ ફાળવવામાં આવેલ તથા તેનું ક્ષેત્રફળ ૪૩૯૧ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૩૧૯ થી તારીખ ૦૯-૦૯-૧૯૬૮ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ અમૃતભાઇ ભોળીદાસનું તારીખ ૦૨-૦૩-૧૯૭૮ ના રોજ બિનવસિયતે અવસાન થવાથી તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે ડાહીબેન તે અમૃતભાઇ ભોળીદાસની વિધવા ઔરત પોતે જાતે તથા સગીરો પૂનમભાઇ અમૃતભાઇ, રમેશભાઇ અમૃતભાઇ, દશરથભાઇ અમૃતભાઇ તથા નગીનભાઇ અમૃતભાઇના વાલી તરીકે તથા કૈલાશબેન અમૃતભાઇના સંયુક્ત નામો રેવન્યુ

રેકર્ડમાં વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૪૫૫ થી તારીખ ૧૦-૦૩-૧૯૭૮ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ધુળીબેન તે ભોળીદાસ છગનદાસની વિધવા ઔરતનું તારીખ ૦૩-૦૭-૧૯૯૪ ના રોજ બિનવસિયતે અવસાન થવાથી તેઓનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૨૦૫૩ થી તારીખ ૨૧-૦૭-૧૯૯૪ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ગામ મોજે આંબલીની સીમમાં એકત્રીકરણની યોજનામાં સુચિત સુધારો કરવામાં આવેલ. આ સુચિત સુધારાના આધારે જુના સર્વે નંબર-૧૯૬/૨ ની જમીનને બ્લોક નંબર-૩૯૭ ફાળવવામાં આવેલ તથા તેનું ક્ષેત્રફળ ૩૨૩૭ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૨૩૦૩ થી તારીખ ૧૨-૦૭-૧૯૯૬ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ પ્રહલાદભાઈ ભોળીદાસ, બળદેવભાઈ ભોળીદાસ, રામાભાઈ ભોળીદાસ, ડાહીબેન તે અમૃતભાઈ ભોળીદાસની વિધવા ઔરત, કૈલાશબેન અમૃતભાઈ, પૂનમબેન અમૃતભાઈ, રમેશભાઈ અમૃતભાઈ, દશરથભાઈ અમૃતભાઈ તથા નગીનભાઈ અમૃતભાઈએ બ્લોક નંબર-૩૯૭ ની ૩૨૩૭ ચોરસમીટર જમીન કમળાબા મનુભા, ભુપેન્દ્રસિંહજી મનુભા, કૃષ્ણાબા ભુપેન્દ્રસિંહજી તથા પ્રિતેશ ભુપેન્દ્રસિંહને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મહે. અમદાવાદ-૩ (મેમનગર) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૨૦૨૭ થી તારીખ ૧૪-૦૮-૨૦૦૧ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૨૭૨૮ થી તારીખ ૦૫-૦૧-૨૦૦૨ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ભુપેન્દ્રસિંહજી મનુભાએ બ્લોક નંબર-૩૯૭ ની જમીનમાં પોષાતો પોતાનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો સ્વેચ્છાએ

રાજીખુશીથી કમળાબા મનુભા, કૃષ્ણાબા ભુપેન્દ્રસિંહજી તથા પ્રિતેશ ભુપેન્દ્રસિંહની તરફેણમાં ઉઠાવી લીધેલ હોવાથી તેઓનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૨૭૯૧ થી તારીખ ૨૮-૦૬-૨૦૦૨ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ કમળાબા મનુભા તથા કૃષ્ણાબા ભુપેન્દ્રસિંહજીએ બ્લોક નંબર-૩૯૭ ની જમીનમાં પોષાતો પોતાનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો સ્વેચ્છાએ રાજીખુશીથી પ્રિતેશ ભુપેન્દ્રસિંહની તરફેણમાં ઉઠાવી લીધેલ હોવાથી તેઓનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૩૧૭૨ થી તારીખ ૨૨-૦૯-૨૦૦૪ ના રોજથી પડેલ છે.

## બ્લોક નંબર-૩૯૮ ની જમીનની હિસ્ટ્રી

સર્વે નંબર-૧૯૬/૩ ની જમીનનાં માલિક અને કબજેદાર તરીકે સૌપ્રથમ સને ૧૯૪૯ ના અરસામાં સોમાભાઈ રણછોડભાઈનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતું હતું.

ત્યારબાદ ગામ મોજે આંબલીની સીમમાં એકત્રીકરણની યોજના અમલમાં આવવાથી સર્વે નંબર-૧૯૬/૩ ની જમીનને બ્લોક નંબર-૩૯૮ ફાળવવામાં આવેલ તથા તેનું ક્ષેત્રફળ ૩૬૪૨ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૩૧૯ થી તારીખ ૦૯-૦૯-૧૯૬૮ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ સોમાભાઈ રણછોડભાઈનું બિનવસિયતે અવસાન થવાથી તેઓના વારસદાર તરીકે ભલાભાઈ રણછોડભાઈનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૩૨૭ થી તારીખ ૧૩-૦૧-૧૯૬૯ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ભલાભાઈ રણછોડભાઈએ બ્લોક નંબર-૩૯૮ ની જમીન ભાયચંદભાઈ મોહનભાઈને મોઢાના કરારથી વેચાણ આપેલ.

જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૩૩૮ થી તારીખ ૧૬-૦૧-૧૯૭૦ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ભાયચંદભાઈ મોહનલાલનું બિનવસિયતે અવસાન થવાથી તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે પ્રહલાદભાઈ ભાયચંદભાઈ, કનૈયાલાલ ભાયચંદભાઈ, ભગવતીબેન ભાયચંદભાઈ તથા સીતાબેન તે ભાયચંદભાઈ મોહનલાલની વિધવા ઔરતના સંયુક્ત નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૬૬૦ થી તારીખ ૨૦-૧૧-૧૯૮૬ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ ભગવતીબેન ભાયચંદભાઈ તથા સીતાબેન તે ભાયચંદભાઈ મોહનલાલની વિધવા ઔરતએ બ્લોક નંબર-૩૯૮ ની જમીનમાં પોષાતો પોતાનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો સ્વેચ્છાએ રાજીખુશીથી અન્ય સહમાલિકો અને સહકબજેદારોની તરફેણમાં ઉઠાવી લીધેલ હોવાથી તેઓના સંયુક્ત નામો રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૨૧૫૩ થી તારીખ ૧૩-૦૩-૧૯૯૫ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ પ્રહલાદભાઈ ભાયચંદભાઈ, કનૈયાલાલ ભાયચંદભાઈ, હેમંતભાઈ પ્રહલાદભાઈ, પ્રવિણભાઈ પ્રહલાદભાઈ, રમેશભાઈ પ્રહલાદભાઈ, દિપુલ કનુભાઈ, ધર્મેશ કનુભાઈ તથા લતાબેન કનુભાઈએ બ્લોક નંબર-૩૯૮ ની ૩૬૪૨ ચોરસમીટર જમીન પ્રિતેશ ભુપેન્દ્રસિંહને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મહે. અમદાવાદ-૩ (મેમનગર) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૬૯ થી તારીખ ૦૪-૦૩-૨૦૦૨ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૨૭૬૭ થી તારીખ ૨૦-૦૪-૨૦૦૨ ના રોજથી પડેલ છે.

## બ્લોક નંબર-૩૯૭ તથા ૩૯૮ ની જમીનની કોમન હિસ્ટ્રી

ત્યારબાદ સદરહુ બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ તથા ૧૨૧ ફાળવવામાં આવેલ તથા તેનું અનુક્રમે ક્ષેત્રફળ ૧૯૪૩ ચોરસમીટર તથા ૮૯૧ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ.

ત્યારબાદ મહે. જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, અમદાવાદના હુકમ નંબર-ક્રમાંક/મસલ/બખપ/એસ.આર-૨૮૯/ વશી.૫૫૭૮ થી ૫૫૮૩ થી તારીખ ૧૯-૦૭-૨૦૦૫ ના રોજના હુકમના આધારે બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટર જમીનને પેટ્રોલ પંપના હેતુ સારૂ બિનખેતીની મંજુરી આપવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૩૩૪૦ થી તારીખ ૨૬-૦૮-૨૦૦૫ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ મહે. નાયબ કલેકટર (બિનખેતી), અમદાવાદના હુકમ નંબર-એન.એ/યુ-૧/કલમ-૬૫-એ/આંબલી/કેસ નંબર-૨૧૮/ ૨૦૧૬ થી તારીખ ૧૯-૦૯-૨૦૧૬ ના રોજના હુકમના આધારે બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા

ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટર જમીનને વાણિજ્યનાના હેતુ સારૂ રીવાઈઝડ બિનખેતીની મંજુરી આપવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૫૫૪૦ થી તારીખ ૨૬-૧૦-૨૦૧૬ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ પ્રિતેશ ભુપેન્દ્રસિંહ ચુડાસમા પાસેથી બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન અમો એકતરફવાળા યાને કે ‘‘સત્યમેવ ઈલાઈટ’’ એ નામની ભાગીદારીએ પેઢીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મહે.અમદાવાદ-૯ (બોપલ) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૭૪૨૨ થી તારીખ ૨૮-૧૦-૨૦૧૬ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૫૫૬૦ થી તારીખ ૨૩-૧૨-૨૦૧૬ ના રોજથી પડેલ છે.

આમ ઉપરોકત હકીકતના આધારે સદરહુ બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીનના અમો એકતરફવાળા સ્વતંત્ર માલિક અને કબજેદાર બનેલા છીએ.

ત્યારબાદ મહે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કેસ નંબર-
.......................................................................... તથા
રજાચીઠ્ઠી નંબર-.....................................................થી
તારીખ ..................... ના રોજથી સદરહુ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીનમાં વાણિજ્યના હેતુ સારૂ પ્લાન મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ સમગ્ર જમીનમાં મંજુર થયેલ પ્લાન અનુસાર અમોએ ‘‘સત્યમેવ ઈલાઈટ’’ ના નામે કોમર્શિયલ સ્કીમ મુકેલ છે.

ત્યારબાદ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના કેસ નંબર-.................. થી કેસ નંબર-................. તારીખ-.............. ના રોજથી બી.યુ.પરમીશન આપવામાં આવેલ.

<u>અમો વેચાણ આપનાર/પ્રમોટરે ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ-૨૦૧૬ ની જોગવાઈઓ હેઠળ સદર પરિયોજનાની નોંધણી રીયલ એસ્ટેટ સંબધી નિયમનકારી સત્તામંડળ, સમક્ષ નોંધણી કરેલ છે. જેનો રજીસ્ટ્રેશન નંબર ................ છે.</u>

નીચે પરીશીષ્ટમાં જણાવેલ સદરહુ મીલકત વેચાણ લેવા સારૂ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાનો સંપર્ક કરેલો અને વાટાઘાટો બાદ સદરહુ મીલકત અમો એકતરફવાળાએ તમો બીજીતરફ વાળાને કુલ રૂા................./- અંકે રૂપિયા .............................. પુરામાં વેચાણ આપવાનું નક્કી કરેલું છે. તે મુજબ આજરોજ તમારી પાસેથી નીચેની વિગતે સદરહુ મીલકતની વેચાણ કિંમત સ્વીકારી અમો આ વેચાણ દસ્તાવેજથી સદરહુ મીલકત તમોને કુલ અભરામ નદાવે અઘાટ વેચાણ આપીએ છીએ તથા સદરહુ મીલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને સોંપેલ છે. જે તમોએ સંભાળી લીધેલ છે.

## // અવેજની વિગત //

| | |
|---|---|
| રૂા................../- | અંકે રૂપિયા .............................. પુરા ............. બેંક., ............... શાખા, અમદાવાદ ના ચેક નંબર ................ થી તારીખ .................. ના રોજથી તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચુકવી આપેલ છે. |
| રૂા................../- | અંકે રૂપિયા .............................. પુરા |

એ રીતેના કુલ વેચાણ અવેજના રૂા................../- અંકે રૂપિયા .............................. પુરા તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાનાને ચુકવ્યા છે, જે સદરહુ મીલક્તની વરાડે જમીન તથા બાંધકામફાળાની કુલ કિંમતના ચુક્તે અમોને પહોંચ્યા છે જેની પહોંચ અમો એકતરફવાળા કબુલ કરીએ છીએ અને તમો બીજીતરફવાળાને તેની જવાબદારીમાંથી મુક્ત કરીએ છીએ અને તેના અવેજમાં મજકુર મીલકત જે નીચે પરીશીષ્ટમાં વિગતવાર વર્ણવેલી તે મીલકત વેચાણ આપનારે વેચાણ લેનારને વેચાણ આપી છે. સદરહુ મીલકતનો આજરોજ પ્રત્યક્ષ કબજો તમોને સોંપી દીધેલો છે.

સદરહુ સ્કીમનાં જવા-આવવાના રસ્તાઓ, કોમન સુવિધાઓ, કોમન પાર્કીંગ, લીફટ, પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓ, પાણીની પાઈપલાઈન, ગટર, સુએઝ, ઈલેકટ્રીક લાઈન, ટી.વી. લાઈન, ગેસની લાઈન, ટેલીફોન લાઈન વિગેરે લાવવા-લઈ જવાની વ્યવસ્થા, કોમન લાઈટો, કોમન પાર્કીંગ વિગેરે તમામ કોમન સુવિધાઓ વાપરવાનો હક્ક તથા સ્કીમની અન્ય સહવપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલો વરાડે પડતા વપરાશી હક્ક સહીત સદરહુ મીલક્ત આ વેચાણ દસ્તાવેજથી અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને વેચાણ આપેલ છે.

હવેથી મજકુર પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત વેચાણ લેનાર ચાંદો, સુરજ તપે ત્યાં સુધીના માટે ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, ગીરો, બક્ષીસ આપે યા તમારું દિલ ચાહે તેમ કરવા હક્કદાર છો. તેમજ સદરહુ મીલકતમાંથી જે કાંઈ રીધ્ધી સીધ્ધી ઉપલબ્ધ થાય તે વેચાણ લેનારનાં નસીબનું છે અને તેમાં વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તા, હોદેદારો, સભ્યો કે અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો કોઈ હક્ક, દાવો, હીસ્સો નથી.

સદરહુ મીલકતનાં અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ, સરકારી, અર્ધસરકારી જેવા કે ગવર્નમેન્ટ ટેક્ષ, પંચાયત વેરો, લાઈટબીલ વિગેરે તમામ વેચાણ આપનારે ભર્યા છે. હવે પછીનાં (વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયના) આવા તમામ પ્રકારના ટેક્ષ, વેરાઓ તથા મેઈન્ટેનન્સ સોસાયટીના વહીવટીખર્ચાઓ વિગેરે વેચાણ રાખનારે ભરવાના છે.

વેચાણ આપનાર વેચાણ લેનારને આથી વધુમાં ખાત્રી અને બાંહેધરી આપે છે કે, નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત અંગેના અમારા રાઈટસ ટાઈટલ્સ, ઈન્ટરેસ્ટ ચોખ્ખા અને માર્કેટેબલ છે તથા તેનો કોઈપણ ભાગ આ અગાઉ અન્ય કોઈને ગીરો, વેચાણ, બક્ષિસ, કરાર, ગેરન્ટી, સ્યોરીટી, બાનાખત, બાનાચીઠ્ઠી કે ઈતર પ્રકારે લખી આપેલો કે એસાઈન કરેલા નથી. તેમજ બીજી કોઈ રીતે ટ્રાન્સફર કરેલ નથી. તેમજ સદરહુ મીલકત અગર તેના કોઈપણ ભાગ અગર કોઈનો લેણાનો કે કોઈપણ પ્રકારનો બોજો કે ચાર્જ નથી તેમજ સદરહુ મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, હીત, હિસ્સો કે અલાખો નથી.

સદરહુ સ્કીમના પ્લાન, એન.એ., ટાઈટલ્સ વિગેરે તમામ લીગલ ડોક્યુમેન્ટોની તમો બીજીતરફવાળાએ ચકાસણી કરેલ છે. અને સ્કીમના તમામ લીગલ ડોક્યુમેન્ટોમાં તમો બીજીતરફવાળાને પુરતો સંતોષ થયા બાદ સદરહુ મીલકત તમો બીજીતરફવાળાએ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

સદરહુ મીલકતની સ્થળ, સ્થિતિ, બાંધકામની ગુણવત્તા તથા બાંધકામના માપતાલની તમો બીજીતરફવાળાએ સંપુર્ણ ચકાસણી કરી લીધેલ છે તથા બાંધકામની ગુણવત્તા, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ તથા બાંધકામની સ્થળ, સ્થિતિમાં તથા માપતાલમાં તમો બીજીતરફવાળાને કોઈ વાંધો કે તકરાર નથી તથા સદરહુ મીલકતની તમો બીજીતરફવાળાએ કારપેટ એરીયા મુજબ માપણી કરી દીધેલ છે અને ત્યારબાદ તમો બીજીતરફવાળાએ સદરહુ મીલકત આજરોજ આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

સદરહુ સ્કીમમાં દુકાનના આગળના ભાગમાં આવેલ માર્જીનની જમીનનો તમો બીજીતરફવાળાનો ફકત વપરાશી હક્ક રહેશે તેમાં તમો બીજીતરફવાળાએ કોઈપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરવાનું નથી કે માર્જીનની જમીનની કકડાવાર વહેંચણી કરવાની નથી તથા સ્કીમના તમામ સભાસદોએ ભેગા મળીને કોમન સુવીધાઓના મેઈન્ટેન્સ તથા કોમન ટેક્ષ માટે સર્વિસ સોસાયટીની રચના કરેલ છે અને સદરહુ સર્વિસ સોસાયટીના સભ્ય થવું તમો તથા દરેક સભ્યો માટે ફરજીયાત છે તથા સોસાયટીના ઠરાવો તથા ધારાધોરણો, નીતિ-નિયમો, સુચનો પ્રમાણે વર્તન કરવું ફરજીયાત છે. આ તમામના મેઈન્ટેન્સ માટે તમોએ કોમન ફાળો આપવો ફરજીયાત છે. જો તેમ કરવામાં તમો કસુર કરો તો સર્વિસ સોસાયટીના હોદ્દેદારો તમારી પાસે તેવી મેઈન્ટેન્સની રકમ વસુલ કરવા હક્કદાર રહેશે.

સદરહુ મીલકતને ધરતીકંપ, વાવાઝોડું, કોમી રમખાણો, કુદરતી આફતોથી કોઈપણજાતનું નુકશાન થાય તો તેની તમામ જવાબદારી તમો બીજીતરફવાળા વેચાણ લેનારની રહેશે તેમાં અમો એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહી તમો બીજીતરફવાળાએ સદરહુ મીલકતની જાળવણી તેમજ સાચવણી કરવા સારૂ ઈન્સ્યોરન્સ લેવાનો રહેશે.

આથી બંન્ને પક્ષકારો વચ્ચે આથી નક્કી કરવામાં આવે છે કે એકતરફવાળાએ બીજીતરફવાળાને સદરહુ મીલક્તનો શાંત, ખાલી

<u>અને પ્રત્યક્ષ કબજો સોંપ્યાથી ૫-વર્ષ ના સમયગાળા દરમ્યાન બીજીતરફવાળા/એલોટીને સદરહુ મીલકતમાં અથવા સદરહુ બીલ્ડીંગમાં કોઈપણ જાતની સ્ટ્રક્ચરલ/માળખાગત ખામીઓ, કારીગરી, ગુણવત્તા અથવા સેવાની જોગવાઈના સંદર્ભે ઉણપ જણાવી આવે તો બીજીતરફ વાળા/એલોટી સદર ખામીઓ એકતરફવાળા/પ્રમોટરના ધ્યાને લાવશે અને તે સમયે એકતરફવાળાએ પોતાના ખર્ચે અને જોખમે સદર ખામીઓનું નીવારણ કરવાનું રહેશે અથવા બીજીતરફવાળા આવી ખામીઓ માટેનું વળતર એકતરફવાળા પાસેથી રેરા એક્ટની જોગવાઈઓ હેઠળ મેળવવા હક્કદાર રહેશે. આમ છતા બંન્ને પક્ષકારો વચ્ચે વધુમાં નક્કી કરવામાં આવે છે કે એવી કોઈપણ જાતની સ્ટ્રક્ચરલ/માળખાગત ખામીઓ, કારીગરી, ગુણવત્તા અથવા સેવાની જોગવાઈઓ કે જેના માટે એકતરફવાળાને જવાબદાર ઠેરવી ન શકાય અથવા જે એકતરફવાળાના નિયંત્રણ બહાર હોય તેવા સંજોગોમાં એકતરફવાળા/પ્રમોટર ઉપરોક્ત ખામીઓ માટે વળતર ચુકવવાને જવાબદાર રહેશે નહી.</u>

સદરહુ મીલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવેલ છે. તેથી તમો બીજીતરફવાળાએ બાંધકામમાં કોઈ ફેરફાર કરવાનો નથી તથા સ્કીમના બહારના એલીવેશનમાં તમો બીજીતરફ વાળાએ કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી.

સદરહુ મીલકતના વેચાણ દસ્તાવેજ બાદ તમો બીજીતરફવાળાના નામે તમારા ખર્ચે રેવન્યુ એન્ટ્રી પડાવવા સારૂ અમો એકતરફવાળાની જ્યાં જ્યાં સહીઓની જરૂરીયાત ઉભી થાય ત્યાં ત્યાં અમો એકતરફ વાળાએ અમારી સહીઓ કરી આપવાની રહેશે. જેનો તમામ ખર્ચ તમો બીજીતરફવાળાએ ભોગવવાનો રહેશે.

અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને આજરોજ સદરહુ મીલકત અંગેના તમામ લીગલ ડોક્યુમેન્ટોની ઝેરોક્ષની નકલો સોંપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ખર્ચ તથા પરચુરણ ખર્ચ વિગેરે તમો બીજીતરફવાળાએ ભોગવેલ છે.

## ॥ પરિશિષ્ટ ॥

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે આંબલીની સીમના બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન ઉપર બંધાયેલ ''સત્યમેવ ઈલાઈટ'' ના નામે ઓળખાતી સ્કીમના ............ ફલોરના યુનિટ નંબર-........... ની આશરે ........... ચોરસફુટ (કારપેટ એરીયા) યાને કે ......... ચોરસફુટ (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત તથા તેને ફાળે આવતી વગર વહેંચાયેલ ............ ચોરસમીટર જમીન સહિતની મીલકત જેના ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

એ રીતેનો ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે અમારી રાજીખુશીથી, તથા અક્કલ હોંશીયારીથી, વાંચી, સમજી કોઈપણ જાતના દબાણ સિવાય લખી આપેલ છે તે અમો એકતરફવાળા વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા

વખતોવખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, સભ્યો વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તારીખ , માહે મે, સને ૨૦૧૮ ના દિને.

<u>એકતરફવાળા - વેચાણ આપનાર :-</u>

''સત્યમેવ ઈલાઈટ'' એ નામની ભાગીદારી
પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા
ભાગીદાર :- લલિતભાઈ બાબુભાઈ પટેલ .....................

તેઓએ પોતાની સહી નીચે સહી કરનાર
બે સાક્ષીઓની રૂબરૂમાં કરેલી છે.

(૧).......................................

(૨).......................................

**<u>રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ-૩૨(એ) મુજબનું પરિશિષ્ટ.</u>**

**<u>એકતરફવાળા-વેચાણ આપનારની સહી તથા ફોટો</u>**

''સત્યમેવ ઈલાઈટ'' એ નામની ભાગીદારી

પેઢીના વતી અને  તરફથી તેના વહીવટકર્તા

ભાગીદાર :- લલિતભાઈ બાબુભાઈ પટેલ

.......................................

**<u>બીજીતરફવાળા-વેચાણ લેનારની સહી તથા ફોટો</u>**

.......................................

## // મિલકતની વિગત //

ગામ મોજે આંબલીની સીમના બ્લોક નંબર-૩૯૭ ની કુલ ૩૨૩૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૩૯૮ પૈકીની કુલ ૧૪૮૫ ચોરસમીટર જમીનનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૫૨ (આંબલી) માં સમાવેશ થતાં તેને અનુક્રમે ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૦ ની ૧૯૪૩ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૨૧ ની ૮૯૧ ચોરસમીટર એમ મળીને કુલ્લે ૨૮૩૪ ચોરસમીટરના

ક્ષેત્રફળની બિનખેતીની જમીન ઉપર બંધાયેલ ''સત્યમેવ ઈલાઈટ'' ના નામે ઓળખાતી સ્કીમના ............ ફલોરના યુનિટ નંબર- ........... ની આશરે ........... ચોરસફુટ (કારપેટ એરીયા) યાને કે ......... ચોરસફુટ (બિલ્ટઅપ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત.

<u>વેચાણ આપનારનું નામ :-</u>

''સત્યમેવ ઈલાઈટ'' એ નામની ભાગીદારી
પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા
ભાગીદાર :- લલિતભાઈ બાબુભાઈ પટેલ .....................

<u>વેચાણ લેનારનું નામ :-</u>

.................................                    ...............................

દસ્તાવેજ નંબર ............. તારીખ...................

## પરીશીષ્ટ

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

**લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો**

| અનુ. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| ૧. | લેખમાં દર્શાવ્યા મુજબ ગામ મોજે આંબલીની સીમના ફા.પ્લોટ નંબર-૧૨૦ તથા ૧૨૧ ની બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે ''સત્યમેવ ઈલાઈટ'' ના નામથી ઓળખાય છે તેમા આવેલ યુનિટ નંબર-.......... ની બાંધકામવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે ? | |
| ૨. | લેખમાં દર્શાવ્યા મુજબ .......... ચોરસફુટ (કારપેટ એરીયા) ની બાંધકામવાળી મીલક્ત માટે લેખ કરી આપેલ છે ? | |
| ૩. | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે.? | |
| ૪. | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે સહી / અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | |
| ૫. | પાવર ઓફ એટર્નીની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ? | |
| ૬. | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્નીની આપનાર વ્યક્તિઓએ સહી/અંગુઠાનું નીશાન કરેલ છે ? | |
| ૭. | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ? | |
| ૮. | ઓળખણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો ? | |

**ઓળખાણ આપનારને પૂછવાના પ્રશ્નો ?**

| | | |
|---|---|---|
| ૧. | દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | |
| ૨. | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એકજ છે ? | |
| ૩. | કોઈ વ્યક્તિએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | |

***એકતરફવાળા-લખી આપનાર :-***

''સત્યમેવ ઈલાઈટ'' એ નામની ભાગીદારી

પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા

ભાગીદાર :- લલિતભાઈ બાબુભાઈ પટેલ .....................

**સાક્ષીઓ :-** (૧)...................... (૨)......................